આંક–

| | |
|---|---|
| **રજુ તારીખ** | **૨૭/૧૧/૨૦૧૩** |
| **દાખલ તારીખ** | **૨૭/૧૧/૨૦૧૩** |
| **ફેસલ તારીખ** | **૦૭/૦૨/૨૦૨૩** |
| **સમયગાળો** | **વર્ષ:૦૯ માસ:૦૨ દિવસ:૧૧** |

**મહેરબાન મજુર અદાલત, સુરતના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સમક્ષ**

**રેફરન્સ(LCS) નંબર :૧૬૬/૨૦૧૩**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ
વિભાગીય નિયામક, એસ.ટી.કોર્પોરેશન,
ઠે. લંબે હનુમાન રોડ, નવાગામ, સુરત

**વિરુઘ્ઘ**

**<u>બીજા પક્ષકાર</u> :** બાબુભાઈ ઉકકડભાઈ ઢોડીયા
રહે. આર.કે.કોલોની, ખોલડવ,
મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત

**<u>હાજર રહયા :</u>** પ્રથમ પક્ષકાર તરફે વકિલશ્રી બી.એસ.હાલારી
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી હરીશભાઈ રાણા

**<u>–:: એવોર્ડ::–</u>**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોઘવામાં આવેલા છે.

(૨) આ કામના કામદાને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔદ્યોગિક વિવાદ ઉત્પન્ન કરેલ પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાઘાન નહીં થતા ઔદ્યોગિક વિવાદ ઘારો–૧૯૪૭ ની

કલમ–૧૦(૧) મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી,સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર **૧૧૬૬૦/૨૦૧૩ તારીખ:૦૬–૦૯–૨૦૧૩** ધ્વારા અત્રેની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**''શ્રી બાબુભાઈ ઉકકડભાઈ ઘોડીયાને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

(૩) આ કામમાં અરજદાર તરફથી આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે પ્રથમ પક્ષનાની સંસ્થામાં છેલ્લા તા.૧૬/૦૭/૧૯૭૫ ના રોજ થી આર્ટ એ.વેલ્કેનીસ્ટ ટાયર ફીટર તરીકે અસે.ટી. વિભાગીય વર્કશોપમાં ટાયર સર્વિસ રીપેર શોપમાં છેલ્લા ૨૯ વર્ષથી ફરજ બજાવેલ છે. તેઓનો છેલ્લો માસીક પગાર **રૂા.૧૩,૧૯૮/–** નો હતો અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટની સુચનાથી ફરજ બજાવતા હતા તેમજ અરજદાર તેમની ફરજ દરમ્યાન ટાયર વેલ્કેનાઈઝીંગ કરવા અંગેના ઘણા સારા સુધારા વધારાઓ અરજદારની શુધ્ધબુધ્ધિ પૂર્વક કરેલા જે ડીપાર્ટમેન્ટના રેકર્ડ પર છે. અરજદારનું વધુમાં કથન છે કે બીજા પક્ષકારની બદલી થતા સને–૧૯૯૭ બાદ અડાજણ ડેપોમા તેઓ ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૦/૦૨/૨૦૦૧ ના રોજ તેઓની ફરજનો સમય સાંજે ૫–૦૦ થી રાત્રે ૨–૦૦ સુધીનો હતો અને તે દિવસે તેઓ ફરજ પુરી કરી રાત્રે સુમારે ૨–૧૫ વાગે અડાજણ ડેપોથી રીક્ષામાં અરજદાર ઘરે જતો હતો તે દરમ્યાન ભાગળ ચાર રસ્તા, મોહન મીઠાઈની દુકાન પાસે રીક્ષા પલ્ટી ખાઈ જતા તેઓના ડાબા પગમાં ગંભીર ઈજા થયેલ. ત્યારબાદ તેઓએ નવી સીવીલ હોસ્પીટલમાં તા.૨૦/૦૨/૨૦૦૧ ના રોજ રાત્રે ૩–૩૦ કલાકે સારવાર લીધેલ પરંતુ ત્યાં તેઓને સામાન્ય સારવાર આપી ઘરે મોકલી આપામાં આવેલ. ત્યારબાદ આશા હોસ્પીટલ, કામરેજ ચાર રસ્તા, સુરત ખાતે બીજા દિવસે સવારે ૭–૦૦ કલાકે સારવાર માટે દાખલ કરેલ અને બે દિવસ ઈન્ડોર દર્દી તરીકે રાખેલ અને ત્યારબાદ ડ્રેસીંગ માટે દર બીજા દિવસે બોલાવતા આવેલ અને તે રીતે તેઓએ જરૂરી સારવાર લીધેલ. સારવાર બાદ તેઓ કામ કરવા સક્ષમ હોય તા.૨૬/૦૨/૨૦૦૧ ના અરસામાં પહેલા પક્ષનાને ત્યાં હાજર થયેલ અને થોડા સમય બાદ તબીયત બરાબર ન જણાતા તેઓ ટુંક સમય માટે એટલે કે બે–પાંચ દિવસની રજા ઉપર રહેલા. આમ, તેઓ જયારે રજા પર હતા ત્યારે રજા

અંગેના ડોકટરી સર્ટીફીકેટો પ્રથમ પક્ષકાર સંસ્થામાં રજુ કરેલ અને અકસ્માત થયેલ ત્યારબાદ સારૂ થતા તેઓએ ૨૦૦૪ સુધી સતત ફરજ બજાવેલ છે. ત્યારબાદ પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને મેડીકલ તપાસ કરવા અંગે મોકલી આપેલ અને બીજા પક્ષકાર ડોકટરી તપાસ અંગેના રીપોર્ટ આપતા તેના અનુસંધાને તા.૧૨/૦૧ /૨૦૦૪ થી તાત્કાલીક અસરથી છુટા કરેલ છે તે મુજબનો લેટર હુકમ નં.વિનિ/સુરત/મહેકમ/સર્વિસ ટર્મીનેટ/૮૨૦૨, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, વિ.કચેરી, તા.૧૧/૬/૨૦૦૪ ના રોજ કાઢવામાં આવેલ છે. તેઓને છુટા કર્યા બાદ પાંચ મહીના પછી હુકમ કાઢવામા આવેલ જે તેઓએ વાંધા સહીત સ્વીકારેલ છે. તેઓને જે ડોકટરોએ અનફીટ સર્ટીફીકેટ આપેલ છે કેટલા ટકા ડીઝીબ્લીટી થયેલ છે તે જણાવેલ નથી અને થયેલ પરમેનેન્ટ ડીઝીબ્લીટી અંગે કામદારને કામે રાખી શકાય કે કેમ? તે અંગે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી કે બચાવની તક પણ આપેલ નથી. જે હુકમ મળતા તેઓએ વાંધી સહીત સ્વીકારેલ છે તે મુજબનો શેરો કરેલ છે. આમ, છતાં ગેરકાયદેસર છુટા કરેલ છે. તેઓએ પેન્સન લીધેલ નથી.

વધુમાં અરજદારનું એવું કથન છે કે, તેઓને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકારે નોકરી પર રાખેલ નહી અને નોકરી પર લેવાની વીનંતી કરતા ત્યારે મારા પુત્રને રહેમ રાહે નોકરીએ રાખવા અંગેના પ્રલોભન આપેલ અને તે બાબતે તા.૩/૧૧/૨૦૦૪ તથા ૨૧/૨/૨૦૦૬ ના રોજ વિભાગીય અધિકારીશ્રીને બીજા પક્ષકારના પુત્રને રહેમ રાહે નોકરીએ રાખવા અંગેનો પત્રો લખેલ. આમ, છતાં નોકરી પર રાખેલ નહી અને તેઓને ગેરકાયદેસર છુટા કરતા નોકરી પર પરત લેવા અંગે રજુઆતો કરેલી અને તે અંગે વિભાગીય અધિકારીઓએ આશ્વાસન આપેલ કે તેઓને નોકરીએ લેવા માટે ઉપલા અધિકારીઓ સમક્ષ કાર્યવાહી હાથ ધરેલ છે. અને તે અંગે પાકો ભરોષો અને વિશ્વાસ આપતા આવેલ અને તેમની કાયદાની અજ્ઞાનતાને કારણે નોકરીમાં પુન:સ્થાપિત થવા અંગે કોઈ કાર્યવાહી કરેલ નહી. આમ, છતાં આજ દિન સુધી નોકરીએ ન રાખતા મે.મદદનીશ મજુર કમીશ્નરશ્રી સમક્ષ તા.૧૩/૯/૧૩ ના રોજ પ્રથમ પક્ષના સંસ્થામાં નોકરીમાં પુન:સ્થાપિત અંગે અરજી દાખલ કરેલ.

વધુમાં અરજદાર જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી ૨૦૦૪ થી આજદિન સુધી કોઈ પણ નોટીસ મોકલાવેલ નથી કે નોકરી પર લેવા કોઈ કાર્યવાહી કરેલ નથી અને આજદિન સુધી કોઈ પેન્શન કે વચગાળાની રાહત આપેલ નથી કે કોઈ પત્ર–વ્યવહાર પણ કરેલ નથી. અરજદાર બેકાર હોય નોકરીની ખુબ જ જરૂર હોવાથી દર બે–ત્રણ દિવસે નોકરી રાબેતા મુજબ ફરજ પર હાજર થવા જતા નોકરીમાં લેતા ન હતા અને પ્રથમ પક્ષનાના અધીકારીશ્રીઓ કાઢી મુકતા હતા. જેથી તેઓની જુની નોકરીમાંથી છુટા કરવાનુ પગલુ પાછું ખેંચી લઈને નોકરીમાં સળંગ સર્વીસથી મુળ જગ્યાએ કામે રાખી લેવા અને પડેલા તમામ દિવસોનાં પગારનાં નાણાં ભરપાઈ કરવા જણાવેલ જેનો પ્રથમ પક્ષનાએ કોઈ જવાબ આપેલ નથી કે કોઈ અમલ કરેલ નથી.

વધુમાં અરજદાર જણાવે છે કે, એસ.ટી.ની જેવી સરકારી નોકરીમાં જો અકસ્માતના કારણે ખોડ આવી જાય તો તે કારણસર નોકરીમાંથી કાઢી શકાય નહી અને બીજા પક્ષનાની સંસ્થામાં ખોડને ધ્યાને રાખીને અન્ય કામની સોંપણી કરવી પડે તે અંગેનો અલગ કાયદો કેન્દ્ર સરકારે કર્યો છે તેનો ભંગ પ્રથમ પક્ષનાએ કર્યો છે અને તેઓને અકસ્માત ચાલુ નોકરી દરમ્યાન નોકરી પુરી કરીને જયાં સુધી ઘરે પરત ન ફરે ત્યાં સુધીના રસ્તામાં અકસ્માત થાય તો નોકરીના કારણે થયેલ અકસ્માત ગણાય અને તે અંગેની જવાબદારી પ્રથમ પક્ષનાની હોય. આમ, પ્રથમ પક્ષનાનું નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય ખોટુ, અન્યાયી, ગેરકાયદેસર તથા ખાતાકીય તપાસ વિનાનુ અને કુદરતી ન્યાયના સિધ્ધાંતના ભંગ સમાન તથા સ્ટેન્ડીંગ ઓડર્સ અને એસ.ટી.કોર્પોરેશનને લગતા નિયમોનો ભંગ સમાન હોય જેથી પ્રથમ પક્ષનાએ તેઓને તેમની મુળ નોકરીમાં પડેલા દિવસોના પગાર સહીત તથા નોકરીની સાતત્યતા સાથે પુન:સ્થાપિત કરવા જવાબદાર ઠરે છે. પહેલા પક્ષનાએ તેઓને તેમની અજ્ઞાનતા, મજબુરી અને લાચારી તથા ગરીબાઈ અને બેકારીનો ગેરલાભ લઈ ખોટુ સમજાવી તેઓને ગ્રેજયુઈટી તથા પી.એફ.ના નાણાં અપાવેલ છે. તેઓના પેન્શન અંગેનો તથા તેમના છોકરાને રહમે રાહે નોકરી પર રાખવાની રજુઆત પણ પ્રથમ પક્ષનાએ ધ્યાનમાં લીધી નથી.

અરજદારે એવી દાદ માંગેલ છે કે તા.૧૨/૦૧/૨૦૦૪ ના રોજ લેખિત હુકમથી છુટા કરેલું કૃત્ય ગેરકાયદેસર જાહેર કરી સળંગ નોકરી સાથે પડેલા દિવસોના પગાર તથા આનુષાંગીક લાભો સાથે પુન:સ્થાપિત સામાવાળાઓ કરે.

(૪) સામાવાળા સંસ્થાએ આંક–૭ થી પોતાનો જવાબ રજૂ કર્યો છે જેમાં તેઓએ અરજદારના માંગણાના નિવેદનની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલો છે. સામાવાળાનું કથન છે કે, બનાવના દસ વર્ષ બાદ વિલંબથી રેફરન્સ કરેલો હોય અને તે અંગેના કોઈ સ્પષ્ટ કારણો ન હોવાથી ડીલે અને લેચીઝના સિધ્ધાંતનો બાધ નડે છે. ખરી હકીકતમાં એવું કથન છે કે, બીજા પક્ષકારે વારંવાર પગમાં દુખાવો થતો હોવાથી આર.એમ.ઓ.ન્યુ સીવીલ હોસ્પિટલ મજુરાગેટ સુરતને શારીરીક તપાસ કરવા તા.૨૬/૧૨/૦૩ના રોજ જાણ કરેલી અને કામદારને શારીરીક તપાસ માટે મોકલેલા જેના અનુસંધાને શ્રી ઢોડીયાની તા.૧૨/૧/૦૪ ના રોજ શારીરીક તપાસ કરવામાં આવેલી. શ્રી બી.યુ.ઢોડીયાની શારીરીક તપાસ દરમ્યાન આર.એમ.ઓ.ન્યુ સીવીલ હોસ્પિટલ સુરતના જણાવ્યા મુજબ અરજદાર પગનાં દુખાવાની બીમારીથી પીડાય છે તેમજ ઉપરોકત બીમારીના કારણે કાયમી ધોરણે આર્ટ–એ મીકેનીકની કક્ષામાં ફરજ બજાવવા માટે અનફીટ છે ડોકટરશ્રીના જણાવ્યા મુજબ "Patient is advised rest from 8/11/2003 to 12/1/2004 (left flat foot following assoeiated fatcher (laft foot). ઉપરોકત હકીકતમાં શ્રી બી.યુ.ઢોડીયા આર્ટ–એ ટાયર ફીટરને આર.એમ.ઓ. ન્યુ સીવીલ હોસ્પિટલ સુરતે તેમના સર્ટીફીકેટ નંબર નસીહો/આર.એમ.ઓ./૧૯/૦૪ તા.૧૨/૧/૦૪ થી આર્ટ–એ ટાયર ફીટર કક્ષાની ફરજ બજાવવા માટે કામી ધોરણે અનફીટ જાહેર કરેલ હોવાથી વિભાગીય મહેકમી હુકમ નં.૬૧૪/૦૪ તા.૧૧/૦૬/૦૪ ના હુકમથી તેઓને એસ.ટી.સંસ્થાની આર્ટ–એ ટાયર ફીટર તરીકેની નોકરીમાંથી તાત્કાલીક અસરથી છુટા કરવા સર્વીસ ટર્મીનેટ કરવાનો હુકમ કરવામાં આવેલો. બીજા પક્ષકાર કાયમી ધોરણે આર્ટ–એ ટાયર ફીટરની કક્ષામાં ફરજ બજાવવા સક્ષમ ન હોવાથી અરજદારને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. આમ, અરજદાર કોઈ દાદ મેળવવા હકકદાર ન હોવાથી રેફરન્સ રદ કરવા વીનંતી કરેલ છે.

(૫) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| આંક | પુરાવા |
|---|---|
| ૧૨ | બીજા પક્ષકાર શ્રી બાબુભાઈ ઉકકડભાઈ ઢોડીયાની એફીડેવીટ પરની જુબાની |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| આંક/નિ. | દસ્તાવેજી પુરાવા | તારીખ |
|---|---|---|
| ૫/૧ | પ્રથમ પક્ષનાને માંગણા નિવેદન રજી.એ.ડી. પોસ્ટથી મોકલાવેલ જેની અસલ પાવતી | ૪/૨/૨૦૧૪ |
| ૫/૨ | સદર માંગણા નિવેદન મળવા બદલ પોસ્ટનું એકનોલેજમેન્ટ તેની અસલ પાવતી | – |
| ૧૧ | એમ.એ.આઈ.હાઈસ્કુલના લીવીંગ સર્ટીફીકેટ જેમાં જન્મ તારીખ દર્શાવેલ છે. | – |
| ૨૧/૧ | પ્રથમ પક્ષના તરફથી હુકમ નં.૬૧૪/૨૦૦૪ આપેલ પત્રની ઝેરોક્ષ કોપી વાંધા સહીત સ્વીકૃટ છે તે પત્રની નકલ | ૨૪/૧૧/૨૦૦૪ |
| ૩૦ | બીજા પક્ષનાનો રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ કોપી | – |

અરજદાર તરફે આંક–૩૧ થી વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તેવી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૬) સામાવાળા તરફથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| આંક/નિ | દસ્તાવેજી પુરાવા | વર્ષ |
|---|---|---|
| ૯/૧ | બીજા પક્ષકારના પુત્ર શ્રી મનોજકુમાર બાબુભાઈ ઢોડીયાને આશ્રિત તરીકે સમાધાનની રૂએ ચુકવેલ નાણાંકીય સહાયના કાગળો અ.નું.૧ થી ૭ | ૨૦/૧/૨૦૧૫ |
| ૧૯/૧ | ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનાં આશ્રિત ઉમેદવારોને રહેમરાહે નમણૂંક/ઉચ્ચક નાણાંકીય સહાય આપવા બાબતનો ગુજરાત સરકારના ઠરાવની નકલ | ૧૭/૫/૨૦૧૪ |
| ૧૯/૨ | ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદે નિગમમાં પડતર રહેલા આશ્રિત કેસ અંગેનો | ૩૦/૫/૨૦૧૪ |

| | | |
|---|---|---|
| | પરિપત્રની નકલ | |
| ૧૯/૩ | નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૩૯૭૭/૨૦૧૩ તથા અન્ય ૩૫ સ્પે.સી.એ.ના ચુકાદાની નકલ | ૩૦/૧૧/૨૦૧૩ |
| ૨૩ | રેસીડેન્ટ મેડીકલ ઓફીસરશ્રી, ન્યુ સીવીલ હોસ્પીટલ તરફથી મળેલ શારીરીક તપાસ બાબતના પત્રની ખરી નકલ | ૧૨/૧/૨૦૦૪ |
| ૨૪ | વિભાગીય મહેકમશ્રી હુકમ નં.૬૧૪/૨૦૦૪ની ખરી નકલ | ૧૧/૬/૨૦૦૪ |
| ૨૬ | ડેપો મેનેજર 'એ' બારડોલીએ વહીવટી અધિકારીશ્રી સુરતને હુકમની બજવણી બાબતે લખેલ પત્રની ખરી નકલ | ૨૪/૬/૨૦૦૪ |
| ૨૫ | વિભાગીય મહેકમી હુકમ નં.૬૧૪/૨૦૦૪ની ખરી નકલ | ૧૧/૬/૨૦૦૪ |
| ૨૮/૧ | વિભાગીય નિયામક એસ.ટી.સુરતે આપેલ પ્રમાણપત્રની ખરી નકલ | ૧૨/૪/૨૦૧૭ |
| ૨૮/૨ | વિભાગીય નિયામકશ્રી, સુરતે હિસાબી અધિકારી સુરતને લખેલ પત્રની ખરી નકલ | ૧૭/૧/૨૦૧૫ |
| ૨૮/૩ | આશ્રિત શ્રી મનોજકુમાર ઢોડીયાના બેંકના સેવીંગ્સ એકાઉન્ટની ખરી નકલ | – |
| ૨૮/૪ | આશ્રિત શ્રી મનોજકુમાર ઢોડીયાના ઓળખપત્રની ખરી નકલ | ૧/૧૦/૧૯૯૫ |
| ૨૮/૫ | બાબુભાઈ ઉકકડભાઈ ઢોડીયાના પેઢીનામાની ખરી નકલ | ૬/૧/૨૦૧૫ |
| ૨૮/૬ | સંમતિ કરારની ખરી નકલ પાના નં.૧ થી ૪ | ૮/૧/૨૦૧૫ |
| ૨૮/૭ | સંમતિ કરારની ખરી નકલ પાના નં.૧ થી ૬ | ૨/૧/૨૦૧૫ |

સામાવાળા તરફે વધુ કોઈ પુરાવા રજુ કરવા નથી તેવી આંક–૩૨ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૭) આ કામે અરજદાર તરફે મૌખિક દલીલો સાંભળી. અરજદાર તરફે કોઈ ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલો નથી. સામાવાળા તરફે આંક–૩૫ લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. બંને પક્ષકારોના દલીલોની ચર્ચા જે તે મુદ્દામાં ચર્ચવામાં આવશે. સામાવાળાઓ તરફથી નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

(1) 2000-1-LLJ-Page No-561

Nedungadi Bank Ltd. V/s. K.P.Madhavankully and Others.

(2) 2005-T-LLJ-1153

Haryana State Co-Operative Land Development Bank V/s. Neelam

(3) Sp.Civil App.No.2834 of 2008

Divisional Controller V/s. B.M.Makwana.

(૮) ઉપરોકત ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પડેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દદા ઓ::-**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

(૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગર સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા મતદાન થાય છે?

(૩) શું હુકમ?

**-::નિ ષ્ક ર્ષ::-**

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

**-::પરામર્શ::-**

**મુદદા નંબર ૧ અને ૨ :-**

(૯) પ્રસ્તુત કેસની હકીકત, સંજોગો, પુરાવો, તેમજ પક્ષનિવેદન ધ્યાને લેતા આ કેસના ન્યાય નિર્ણય માટે સૌપ્રથમ પ્રશ્ન નંબર ૨ ની ચર્ચા કરવી તે ન્યાયોચિત જણાય છે. અરજદાર પ્રસ્તુત કેસમાં કોઈ પણ પ્રકારની દાદ મેળવવા હકકદાર છે કે કેમ?

**નામદાર સુપ્રીમ કોર્ટ ના આસીસ્ટન્ટ એન્જિનિયર, રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીંગ બોર્ડ વિરુધ્ધ મોહનલાલ, ૨૦૧૩(૧૪) એસ સી સી. પાના નંબર ૫૪૩**માં ઠરાવ્યા પ્રમાણે સામાવાળાએ વિલંબ અંગેનો બચાવ લીધેલો ના હોય તો પણ કોર્ટ આ મુદદાને ધ્યાનમાં લેવાનો હોય છે. જયારે હાલના કેસમાં તો

સામાવાળાઓએ તેઓના જવાબમાં વિલંબ,લેચીઝ એકવેઝિયન્સનો મુદદો ઉઠાવ્યો છે. જેથી હાલના કેસનું તે પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરવાનું કહે છે

જયારે સામાવાળા તરફે તેમના જવાબમાં ડીલે–લેચીઝની તકરાર લેવામાં આવેલી છે અને તે અંગેના ઉપરોકત ૩ ચુકાદાઓ પર આધાર રાખેલો છે. અરજદારે હાલનો રેફરન્સ તેઓને છૂટા કર્યા તારીખ થી (૯) વર્ષ બાદ વિલંબથી કરેલ છે. આ બાબતે પ્રસ્થાપિત સિધ્ધાંત શું છે તે ધ્યાને લેવું ઘટે.

આ તબકકે **નામદાર સુપ્રીમ કોર્ટના યુપી ઈલેકિટ્રસીટી બોર્ડ વિરુધ્ધ રાજેશ કુમાર, ૨૦૦૫ એસ સી સી (એલ એન્ડ એસ) આ નંબર ૧૮૩** ની હેડ નોટ–બી જોવામાં આવે તો રેફરન્સ કરવા માટેની મુદત નિર્દિષ્ટ કરવામાં આવેલ નથી. પરંતુ જે કેસની હકીકતો, સંજોગો જેને લઈ કલેઈમ એટલે કે માંગણી 'સ્ટેલ' એટલે કે વાસી છે કે કેમ કે તેને લઈને યોગ્ય દાદ આપવાની થાય. વધુ **નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવીણભાઈ નાનજીભાઈ ભરવાડ વિરુધ્ધ ગુજરાત રાજય એલ.પી એ ૩૦૭/૨૦૧૬** ના કેસમાં કામદારની ૧૯૯૯ છુટો કરવામાં આવેલ અને તે અંગેનો વિવાદ વર્ષ ૨૦૦૮માં ઉપસ્થિત કરવામાં આવેલ તે આ કેસમાં **નામદાર સુપ્રીમ કોર્ટના પ્રભાકર વિરુધ્ધ જોઈન્ટ ડાયરેકટર, સેરીકલ્ચર ડિપાર્ટમેન્ટ (જેટી) ૨૦૧૫ (૯) સુ.કો. પાના નંબર ૮૩** ના ચુકાદા ઉપર આધાર રાખેલ હતો. જે ચુકાદામાં એવું ઠરાવ્યુ હતુ કે કામદારને દાન આપતી વખતે જો વિલંબ અંગેનો ખુલાસો કરેલ ન હોય અને બિન–જરૂરી ડિલ કરવામાં આવેલી હોય તેને ધ્યાને લેવાની થાય છે. ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના કેસમાં નામદાર હાઈકોર્ટે જે વિલંબ અને બિનજરૂરી ઢીલ હતી તે અસામાન્ય હોવાનું જણાવેલ અને તેવા કેસમાં વળતરનો હુકમ કરવો પણ યોગ્ય નથી તેવુ જણાવેલ છે. વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટના સંજીવની હોસ્પિટલ વિ. સુરત લેબર યુનિયન, ૨૦૧૬(૧) સી.એલ.આર પાના નંબર ૧૦૬૫માં ઉપરોકત પ્રભાકર વિરુધ્ધ જોઈન્ટ ડાયરેકટર** ના ચુકાદા ઉપર આધાર રાખી જણાવેલ છે કે ઔદ્યોગિક વિવાદ અંગેના રેફરન્સ કેસમાં લિમિટેશન એકટ ૧૯૬૩ની જોગવાઈઓ લાગુ પડતી નથી. પરંતુ ટ્રીબ્યુનલ અને લેબર કોર્ટે આ રીતે વિલંબથી ઉત્પન્ન કરવામાં આવેલ વિવાદનું ન્યાયિક નિર્ણય કરતી વખતે એ જોવાનું રહે કે આ ઔદ્યોગિક વિવાદ **જીવંત એટલે લાઈવ**

છે કે કેમ? ઉપરોકત કેસના કામદારે નિવૃત્તિના લાભ લીધા બાદ છ વર્ષ પછી વિલંબથી વિવાદ ઉત્પન્ન કરેલ. જેથી વિવાદ જીવંત ગણવામાં આવેલ નહીં.

હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો, મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરિયાદમાં તથા માંગણાના નિવેદનમાં છુટા કર્યાની **તા.૧૨/૦૧/૨૦૦૪** ની દર્શાવેલી છે. જયારે વિવાદ ઉપસ્થિત કરતી ફરિયાદ મદદનીશ શ્રમ આયુકતમાં **તા.૧૬/૦૯/૨૦૧૩** ના રોજ આપવામાં આવેલી છે જેથી સ્વીકૃત રીતે જ હાલનો રેફરન્સ છૂટા કર્યા બાદ આશરે **નવ** વર્ષ બાદ ઉપસ્થિત કરવામાં આવેલો છે. અરજદાર તરફથી તેમના માંગણાના નિવેદનમાં તેમજ મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરિયાદમાં એવો ખુલાસો કર્યો છે કે સંસ્થાના જવાબદાર વ્યકિતઓને નોકરી ઉપર હાજર કરવા માટે વારંવાર રૂબરૂ વિનંતીઓ કરેલી ત્યારે સંસ્થા તરફથી જણાવવામાં આવેલ કે ઉપલા લેવલથી મંજુરી આવશે ત્યારે હાજર કરીશું આમ, અરજદારને વારંવાર ધકકા ખવડાવતા અને સંસ્થા ઉપર ભરોસો અને વિશ્વાસના કારણે તથા ગરીબ અને કાયદાથી અજ્ઞાન હોય, કાયદાકીય સમજણના અભાવે કેસ વિલંબથી દાખલ થયેલ છે તો તે દરગુજર કરવા વિનંતી કરેલ છે. પરંતુ આ ખુલાસા અંગે કોઈ આધારભૂત પુરાવા રેકર્ડ ઉપર નથી માત્ર ઉપરછલ્લાં મૌખિક ખુલાસા ઉપર આધાર રાખી શકાય નહી. જયારે અરજદારે પોતાની ઉલટ તપાસમાં પાના નં.૭ ઉપર કબુલ કરેલ છે કે, *''એ વાત ખરી છે કે, મને પ્રથમ પક્ષકાર સંસ્થો છુટો કર્યો ત્યારથી આ કેસ કર્યો ત્યાં સુધીના વચ્ચેના સમયગાળા દરમ્યાન મે કોઈ કેસ કરેલ નથી.....(પાના નં.૯) મને છુટો કર્યો ત્યારબાદ મેં સામાવાળા સંસ્થામાં નોકરી માટે કોઈ અરજી આપેલ નથી. તા.૩/૧૧ /૦૪ ના રોજ રહેમરાહે નોકરી માટેની અરજી આપેલી. મે મારા પુત્ર મનોજભાઈ બાબુભાઈ ઢોડીયાને રહેમરાહે નોકરી માટે અરજી આપેલી.....''*. આમ, જુબાની જોતાં સ્પષ્ટ થાય છે કે, હાલના સામાવાળાઓ સામે તેઓએ વિવાદ જીવંત રાખેલો હોય તેવા કોઈ પુરાવા પણ રેકોર્ડ ઉપર નથી. ડીલે,લેચીઝ અને એકવેઝિયન્સના સિધ્ધાંત અરજદારે કહેવાથી છટણીનો સ્વીકાર કરેલો ગણાય. આ મુદદા ઉપર રેફરન્સ ટકી શકતો નથી.

(૧૦) ઉપરોકત કારણોસર રેફરન્સ ટકી શકતો નથી તેમ છતાં ગુણ–દોષ ઉપર ચર્ચા કરવામાં આવે તો અરજદારનું કથન એવું છે કે, અકસ્માતના કારણે ખોડ આવેલી હોય તો નોકરીમાંથી કાઢી મુકી શકાય નહી પરંતુ અન્ય કામની સોંપણી કરવી પડે, તેવો અલગ કાયદો કેન્દ્ર સરકારે કરેલો છે. આ પ્રમાણેનું કથન પુરાવાના સોગંદનામામાં પણ રહેલું છે.આ તબકકે ઐદ્યોગિક વિવાદ ધારા કલમ–૨(૦૦) ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે પ્રમાણે છે.

*કલમ–૨(૦૦) "retrenchment means the termination by the employer of the service of a workman for any reason whatsoever otherwise than as a punishment inflicated by way of disciplinary action but does not include_*

*a) xxxxx*

*b) xxxxx*

*bb) xxxxx*

*c) termination of the service of a workman on the ground of continued ill-health*"

અરજદારના પક્ષ નિવેદન તથા પુરાવો જોતાં એવું કોઈ કથન નથી કે તેને ખોડ આવેલી ન હોય અને પોતે જે કામ કરતા હતા તે કામ કરી શકે તેમ હતા તેમ છતાં તેમને ખોટી રીતે છુટા કરવામાં આવેલા. અરજદારે સીવીલ હોસ્પીટલનાઓએ આપેલ અનફીટના પ્રમાણપત્રને પણ પડકારેલ નથી. આ પ્રમાણપત્રથી વિરુધ્ધનો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી અરજદાર આર્ટ–એ ટાયર ફીટરની કક્ષામાં જે ફરજ બજાવતા હતા તે ફરજ બજાવવા માટે સક્ષમ હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપરથી રજુ કરેલ નથી. વધુમાં, અન્ય કામગીરી ખોડને ધ્યાનમાં રાખીને સોંપણી કરવી પડે તેવો અલગથી કાયદો હોવાના કથન અંગે કોઈ પુરાવો રજુ થયેલ નથી. બીજા શબ્દમાં કહીએ તો આ કથનને સમર્થન આપે તેવા કાયદાની જોગવાઈ અથવા તો સામાવાળી સંસ્થાના કોઈ નિયમો, સરકયુલરો, ઠરાવો પણ રજુ થયેલા નથી. આમ, આ કથન આધાર વિહીન અને પુરાવા વિહીન છે. અરજદારને છુટા કરવાનો હુકમ આંક–૨૫ થી રજુ થયેલો છે. જેમાં

અરજદારે કહેવાતો કોઈ વાંધો લીધેલો હોય તેવો કોઈ શેરો જણાતો નથી. અરજદારે ઉલટ તપાસાં એ પણ કબુલ રાખેલ છે કે તેમને ગ્રેજયુઈટીની રકમ તથા પી.એફ.ની રકમ નવેમ્બર–૨૦૦૪ માં મળી ગયેલી છે અને નોટીસ પે ના રૂા.૨૬,૩૯૪/– હુકમ સાથે રોકડા મળેલા છે. અરજદારની ઉલટ તપાસ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, અરજદારને છુટા કર્યા બાદ રહેમરાહે નોકરી માટે તેમના પુત્રની અરજી કરવામાં આવેલી. આ અરજી તા.૩/૧૧/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલી તેવું અરજદારે તેમની ઉલટ તપાસના પાના નં.૯ ઉપર જણાવેલું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, અરજદારે શારીરીક અશકતતાના કારણે કામ કરવા માટે સક્ષમ ન હોવાથી છુટા કરવાનો હુકમ કરવામાં આવેલો તે અરજદારને સ્વીકાર્ય હતો. તેથી જ તેમને રહેમરાહે નોકરી માટે તેમના દીકરા માટે અરજી કરવામાં આવેલી. માર્ક–૯/૧ થી સામાવાળાએ સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવ મુજબ પડતર આશ્રિતના કેસોમાં ઉચ્ચક નાણાંકીય સહાય રૂા.૪,૦૦,૦૦૦/– અરજદારના પુત્રને તા.૨૦/૦૧/૨૦૧૫ ના રોજ ચુકવી આપેલ છે. આમ, અરજદારે છુટા કરતા હુકમને સ્વીકારી લઈ નોકરી અંગેના નિવૃત્તિના તમામ લાભો મેળવી લીધા બાદ ઉચ્ચક નાણાંકીય સહાયની રકમ પણ તેમના પુત્રને રહેમરાહે નોકરીના બદલે મળી ગયેલી હોવા છતાં હાલનો રેફરન્સ કરેલી છે જે ટકી શકે તેમ નથી. વધુમાં, ઔ.વિ.ધારા કલમ–૨(૦૦)(સી) મુજબ પણ અરજદારને છુટા કરવાના હુકમને છટણી ગણી શકાતી નથી જેથી પણ હાલનો રેફરન્સ ટકી શકતો નથી.

## <u>છુટા કર્યાની તારીખમાં રહેલી વિસંગતતા</u>

(૧૧) અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરીયાદ તથા માંગણાના નિવેદનમાં તેમજ સરતપાસના સોગંદનામામાં છુટા કર્યાની તા.૧૨/૦૧/૨૦૦૪ ની દર્શાવેલી છે. જયારે ઉલટ તપાસના પાના નં.૭ ઉપર એવું જણાવેલું છે કે, *''મને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૧/૦૬/૨૦૦૪ ના રોજ છુટા કરેલા.....''*. આમ, છુટા કર્યાની તારીખ બાબતે પણ વિરોધાભાષી હકીકત અરજદારે જણાવેલી છે.

જયારે છુટા કર્યા તારીખ બાબતે વિસંગતતા હોય ત્યારે શું કાયદાકીય સ્થિતી છે તે ધ્યાને લેવાની રહે. ***<u>નામ. સુપ્રિમ કોર્ટે દિલ્હી કલોથ અને જનરલ મીલ્સ</u>***

***કંપની લી. વિ. તેઓના કામદારો, ૧૯૬૭(૧), એલ.એલ.જે. પાના નં.૪૨૭,*** ના ચુકાદામાં ઠરાવેલું છે કે,

The parties cannot be allowed to go a stage further and contend that the foundation of the dispute mentioned in the order of reference was non-existent and that the true dispute was something else.

વધુમાં ***નામ. સુપ્રિમ કોર્ટે પોટ્રેરી મજદુર પંચાયત વિ. પરફેકટ પોટ્રેરી કું. લી., ૧૯૭૯, લેબ. આઈ.સી., પાના નં.૧૮૨૭*** માં પણ ઠરાવેલું છે કે, ટ્રીબ્યુનલ ટર્મ્સ ઓફ રેફરન્સની બહાર જઈ શકે નહી.

(૧૨) આ છુટા કર્યાની તારીખમાં રહેલી વિસંગતતાને કારણે પણ રેફરન્સ ટકી શકતો નથી. મજુર અદાલતને સામાન્ય સીવીલ કે ફોજદારી અદાલતો જેવી સત્તાઓ પ્રાપ્ત થતી નથી. મજુર અદાલતે તો તેઓને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ અનુસુચિને વળગી રહેવાનું રહે છે. જો કે આનુસંગીક બાબત હોય તો, મજુર અદાલત તેનો નિર્ણય કરી શકે. આનુસંગીક બાબત એવી હોય, જેમ કે પુન:સ્થાપિતના બદલે વળતર અપાવવું કે કેમ અથવા તો આંશીક રીતે પડેલ દિવસોનો પગાર અપાવવો કે કેમ વિગેરેને આનુસંગીક બાબત ગણી શકાય. પરંતુ જે તારીખ છુટા કર્યાની જણાવેલી હોય તેનાથી કોઈ અન્ય બીજી છુટા કર્યાની તારીખ ગણી તેનો ન્યાય નિર્ણય મજુર અદાલત, કરી શકે નહી. અત્રે એ પણ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, અરજદાર તરફથી આજ દિન સુધી છુટા કર્યાની તારીખમાં કોઈ શરતચુક થયેલી હોય અને તે સુધારવા માંગતા હોવાની કોઈ અરજી અત્રેની અદાલતને આપેલ નથી કે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પણ તે અંગે કોઈ કાર્યવાહી કરેલી નથી. વધુમાં ***નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષના કૌશીક જે. ગાંધી વિ. સંદેશ લી. અને બીજાઓ, સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૮૩૭૬/૧૯૯૪,*** ફેંસલ તા.૩/૩/૨૦૦૪ ના ચુકાદામાં પણ છુટા કર્યાની તારીખ અંગે વિસંગતતા હોવાના કારણે રેફરન્સ રદ કરતો લેબર કોર્ટના હુકમને યોગ્ય ઠરાવેલો છે. જેમાં ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલું છે કે,

> "The view taken by the labour court is technical but legal and, therefore, this court cannot interfere with such award of the labour court. It is a settled principle of law that once a reference is made and the dispute is

raised by the workman or the union, the subject matter which is referred to for adjudication is the terms of such reference and the labour court is having no jurisdiction or power to travel beyond such subject matter namely terms of reference. Looking to the facts of the present case, the petitioner workman had challenged the oral order of termination dated 11th June, 1981 However, thereafter, the respondent issued notice to the petitioner on 12th June, 1981 and the petitioner immediately approached the Government Labour Officer by filing complaint under section 2(a) of the ID Act, 1947 and he challenged only alleged oral order of termination dated 11th June, 1981 and he has not waited for the departmental inquiry which was conducted against him by the respondent and therefore, the reference was made only against the oral order of termination dated 11th June, 1981 and not against the order of dismissal in writing dated 6th October, 1981. Therefore, the labour court is not having jurisdiction to examine the legality, validity and propriety of the order of dismissal dated 6th October, 1981."

આમ, છુટા કર્યાની તારીખમાં જે વિરોધાભાસ અરજદાર તરફથી રેકર્ડ ઉપર આવેલો છે તેથી પણ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે રેફરન્સ રદ થવાને પાત્ર છે.

(૧૩) આમ, ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ ''**નકારમાં**'' ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી નામંજૂર યાને રદ કરવામાં આવે છે

ખર્ચ અંગે હુકમ નથી.

તારીખ :૦૭/૦૨/૨૦૨૩
સુરત

(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા)
પ્રિસાઈડિંગ ઓફિસર
મજુર અદાલત GJ00842